ક્રમાંક : જીટીયુ/પરિપત્ર/૨૦૧૦/૬૩૫૨

**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**

અમદાવાદ.

**Date : 27/10/2010**

## પરિપત્ર :

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની તમામ એફિલિએટેડ કોલેજો પાસેથી લેવામાં આવતી વિવિધ પ્રકારની ફી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે જમા કરાવવા બાબતે સરળતા લાવવાના હેતુસર સંબંધિત સંસ્થા રકમ સીધી જ સૌથી નજીકની **core banking** ધરાવતી **સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાની બ્રાંચ**માં જમા કરાવે તેવો નિર્ણય લેવામાં આવેલ છે. આ અંગે નીચે પ્રમાણેની સૂચના અનુસાર કોલેજ કક્ષાએ કાર્યવાહી કરી જરૂરી ફી જમા કરાવવાની રહેશે.

(૧) યુનિવર્સિટી દ્વારા આગામી નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરી માસમાં લેવાનાર તમામ પરીક્ષાઓ માટેની ફી કોલેજ દ્વારા સીધી જ બેંકમાં જમા કરાવવાની રહેશે. તેમજ ત્યારબાદ પણ આ પ્રમાણે રકમ જમા કરાવવાની રહેશે.

(૨) પરીક્ષા ફી ઉપરાંત એનરોલમેન્ટ ફી, રિમીડિઅલ પરીક્ષા ફી, રીચેકીંગ ફી/રી એસેસમેન્ટ ફી, એફિલિએશન ફી તથા યુનિવર્સિટી દ્વારા સૂચવવામાં આવનાર તમામ પ્રકારની ફી/પેનલ્ટી વિગેરે સીધા જ બેંકમાં જમા કરાવવાના રહેશે.

(૩) ઉપરોક્ત વિગતે જણાવેલ ફીની રકમ આપની કોલેજ નજીકની **સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા**ની કોઈપણ શાખામાં જમા કરાવી શકાશે. ફીની રકમ જમા કરાવવા અંગેનું ચલણ યુનિવર્સિટીની વેબસાઈટ **www.gtu.ac.in** ઉપર મૂકેલ છે. જે ડાઉનલૉડ કરી તે ચલણની પ્રિન્ટ કાઢી ચલણમાં દર્શાવ્યા મુજબની તમામ વિગતો સુવાચ્ય અક્ષરે લખીને બેંકમાં જમા કરાવવાની રહેશે.

(૪) ફીનું ચલણ ત્રણ ભાગમાં છે. જેમાંથી કોલેજ કૉપી અને જી.ટી.યુ. કૉપી બેંક દ્વારા સહી-સિક્કા કરીને આપને પરત કરવામાં આવશે. આ બંને કૉપી પરત લેતી વખતે નાણા સ્વિકારનાર **S.B.I. ની બ્રાંચનો કૉડ નંબર, Journal No.** દર્શાવેલ હોય અને ચલણ ઉપર બેંકના સહી-સિક્કા અચૂક થયેલ હોય તેની કાળજી સંસ્થાએ લેવાની રહેશે.

(૫) રકમ જમા કરાવનાર કોલેજે ચલણની બધી જ વિગતો ભરાય તેની ખાસ કાળજી લેવી તથા સક્ષમ સત્તા ધરાવનાર કર્મચારી/અધિકારીશ્રી/આચાર્યશ્રી એ ચલણની પૂરતી ચકાસણી કરી, દર્શાવેલ જગ્યાએ સહી-સિક્કા કરવાના રહેશે.

(૬) ચલણની જી.ટી.યુ.ની ચલણ કૉપી સાથે જમા થયેલ ફી બાબતે સંબંધિત વિદ્યાર્થીઓના ફોર્મ્સની પૂરી વિગતો ભરીને તમામ ફોર્મ્સ કોલેજ દ્વારા નિયત તારીખ સુધીમાં પત્રક અને જી.ટી.યુ. ચલણ સાથે યુનિવર્સિટીના કાર્યાલયમાં રૂબરૂ અથવા સ્પીડ પોસ્ટ દ્વારા જ **નિયત સમય મર્યાદામાં** જમા કરાવવાના રહેશે. યુનિવર્સિટી દ્વારા સંબંધિત ઝોનલ કચેરીમાં ફોર્મ્સ જમા કરાવવાની અલાયદી સૂચના આપવામાં આવે તો, આપની ઝોનલ કચેરીમાં આવા ફોર્મ્સ રૂબરૂ **નિયત તારીખ** સુધીમાં અચૂક જમા કરાવી દેવાના રહેશે. નિયત તારીખ પછી જમા કરાવવામાં આવતા ફોર્મ અંગે યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલ પેનલ્ટી ભરવાની રહેશે, તેની નોંધ લેવા વિનંતી.

(૭) ઉપરોક્ત સૂચવ્યા પ્રમાણે કોઈપણ પ્રકારની ફી S.B.I. ની કોઈપણ શાખામાં જમા કરાવવાના પ્રસંગે S.B.I. ની **Collecting Branch** દ્વારા રૂા. ૩૦/- બેંક ચાર્જીસ વસૂલ કરાશે તે રકમ સંબંધિત કોલેજે ભરવાની રહેશે. કોલેજ દ્વારા જેટલા ચલણથી રકમ જમા થશે તે પ્રમાણે દરેક ચલણ દીઠ બેંક રૂા. ૩૦/- પ્રમાણે ચાર્જ વસૂલ કરશે. બેંક ચાર્જીસની રકમ કોઈપણ સંજોગોમાં જી.ટી.યુ. ભોગવશે નહિં તેની નોંધ લેવાની રહેશે. તેમજ બેંક ચાર્જીસ અંગેનું ચલણ અલગથી બેંકમાંથી મેળવીને ભરવાનું રહેશે.

(૮) બેંક દ્વારા કોલેજને આપવામાં આવતા ચલણને જી.ટી.યુ.ની રસીદના ભાગરૂપે જ ગણવાનું રહેશે. આ અંગે અત્રેથી અલાયદી કોઈ પહોંચ આપવામાં આવશે નહિં.

(૯) કોઈ સંજોગોમાં નિયત ફી કરતા વધારાની ફી સંસ્થા દ્વારા ભરવામાં આવે તો, તેની સામે અન્ય કોઈ રીતે રકમ સરભર કરવામાં આવશે નહિં. અન્ય ફીને અલગથી ભરી અગાઉ ભરેલ વધારાની રકમના રીફંડ માટે સંસ્થાએ અલગથી અરજી યુનિવર્સિટીને કરવાની રહેશે.

**S/d**

**ઈ/ચા રજિસ્ટ્રાર**

**પ્રતિ,**

સંલગ્ન સંસ્થાઓના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.